# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૦ તા. ૨૪-૧૦-૨૦૧૮

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રથમ સત્ર પરીક્ષાના ધોરણ ૩ થી ૮ના પરીણામની ઓનલાઈન એન્ટ્રી કરવા બાબત.
સંદર્ભ :- ક્રમાંક : એસએસએ/એમઆઈએસ/૨૦૧૮/૩૫૦૧૯-૩૫૦૬૦ તા.૨૩-૧૦-૧૮નો પત્ર

આથી તમામ મ્યુનિ પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સર્વ શિક્ષા અભિયાન દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીને બદલે સમજપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત કરે તે જરૂરી છે.આ બાબતને ધ્યાને લઈ સ્ટેટ પ્રોજેકટ ઓફિસની સૂચના અનુસાર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં તમામ માધ્યમમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે પ્રથમ સત્ર પરીક્ષાના ધોરણ- 3 થી 8ના તમામ વિષયોના પરિણામોની ઓનલાઈન એન્ટ્રી સ્ttp://www.ˆ agujarat.org/વેબસાઇટ પર Child Tracking System(Aadhar Enabled DISE) માં કરવાની થાય છે. જે માટે દરેક શાળાએ પોતાના લોગીનમાં જઈ એન્ટ્રી કરવાની રહેશે, તેમજ બાહ્ય મૂલ્યાંકન માટે ઓનલાઈન ડેટા એન્ટ્રી જે તે ઝોનના ઓપરેટર મારફત કરાવવાની રહેશે.જે અંગે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

1. દરેક શાળાએ સ્ttp://www.ˆ agujarat.org/વેબસાઇટ ઉપરથી Child Tracking System(Aadhar Enabled DISE) માં જઈને પોતાના લોગીન અને પાસવર્ડથી લોગીન થઈ utility ઓપ્શન પર ક્લીક કરી, Student exam marks પર ક્લીક કરી, દરેક વિદ્યાર્થીની ધોરણવાર ધો-3 થી 8ની એન્ટ્રી કરવાની રહેશે.
2. શાળા દ્વારા જ્યારે તમામ બાળકોની ડેટા એન્ટ્રી પૂર્ણ થયા બાદ શાળાએ બાહ્ય મૂલ્યાંકન માટે પોતાના લોગીનમાં જઇને પ્રિન્ટઆઉટ કાઢવાની રહેશે.આ પ્રિન્ટઆઉટ શાળાના મુખ્ય શિક્ષકે જે તે બાહ્ય મૂલ્યાંકનકારને આપવાની રહેશે.
3. બાહ્ય મૂલ્યાંકનકારે મુખ્ય શિક્ષક દ્વારા આપવામાં આવેલ પ્રિન્ટ આઉટમાં પોતાનું નામ,હોદ્દો અને મોબાઈલ નંબર લખવાનો રહેશે.
    a. બાહ્ય મૂલ્યાંકનકારને મુખ્ય શિક્ષક દ્વારા જે પ્રિન્ટ આપવામાં આવશે તેમાં પરીક્ષા આપેલ તમામ વિદ્યાર્થીઓના નામ અને શાળાએ કરેલ માર્કસની એન્ટ્રી પણ હશે.જેમાથી બાહ્ય મૂલ્યાંકનકારને આપવામાં આવેલ સુચના મુજબ તેઓએ 25% વિદ્યાર્થીઓની પસંદગી કરવાની રહેશે.
    b. બાહ્ય મૂલ્યાંકનકારે પ્રિન્ટઆઉટમાં 25% વિદ્યાર્થીઓના માર્કસ બોલપેનથી લખવાના રહેશે અને ત્યારબાદ તેની એક નકલ પોતાની પાસે રાખી ઓરીજનલ શાળામાં પરત આપી દેવાની રહેશે.
4. ત્યારબાદ જ્યારે શાળામાં તમામ બાહ્ય મૂલ્યાંકનકારો દ્વારા મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ થઈ જાય ત્યારબાદ શાળાના મુખ્ય શિક્ષકે બાહ્ય મૂલ્યાંકન દ્વારા લખાયેલ માર્ક્સવાળી પ્રિન્ટઆઉટ સી.આર.સી.કો.ઓ.ને આપવાની રહેશે.
5. સી.આર.સી.કો.ઓ.એ બાહ્ય મૂલ્યાંકનકાર દ્વારા લખાયેલ માર્ક્સવાળી પ્રિન્ટઆઉટની 100% ચકાસણી કરીને તમામ શાળાના ફોર્મ એકત્રિત કરવાના રહેશે.ત્યારબાદ ચકાસણી કરેલ પ્રિન્ટઆઉટ બીટ સુપરવાઇઝરશ્રીને આપવાની રહેશે.
6. બીટ સુપરવાઇઝરશ્રીએ ફોર્મની ચકાસણી કર્યા બાદ તે ફોર્મની ડેટા એન્ટ્રી માટે જે તે ઝોનના ઓપરેટરને આપવાના રહેશે.
7. ઝોન ઓપરેટર દ્વારા આ તમામ ફોર્મની ડેટા એન્ટ્રી તાત્કાલિક કરવાની રહેશે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

૪. વિદ્યાર્થીઓના થયેલ મૂલ્યાંકનના ગુણની ધોરણવાર એન્ટ્રી કરવા માટેનું સમયપત્રક નીચે મુજબ રહેશે.

| પરીક્ષા તારીખ | વાર | ધોરણ | વિષય | વિષયવાર એન્ટ્રી શરૂ કરવા માટેની તારીખ |
|---|---|---|---|---|
| 24.10.2018 | બુધવાર | 3 થી 5 | પર્યાવરણ | 27.10.2018 |
| 24.10.2018 | બુધવાર | 6 થી 8 | વિજ્ઞાન | 27.10.2018 |
| 25.10.2018 | ગુરુવાર | 5 | અંગ્રેજી | 29.10.2018 |
| 25.10.2018 | ગુરુવાર | 6 થી 8 | અંગ્રેજી | 29.10.2018 |
| 26.10.2018 | શુક્રવાર | 5 | હિન્દી | 30.10.2018 |
| 26.10.2018 | શુક્રવાર | 6 થી 8 | હિન્દી | 30.10.2018 |
| 27.10.2018 | શનિવાર | 6 થી 8 | સંસ્કૃત | 01.11.2018 |
| 29.10.2018 | સોમવાર | 6 થી 8 | સા.વિ. | 01.11.2018 |
| 30.10.2018 | મંગળવાર | 3 થી 5 | ગુજરાતી | 02.11.2018 |
| 30.10.2018 | મંગળવાર | 6 થી 8 | ગુજરાતી | 02.11.2018 |
| 01.11.2018 | ગુરુવાર | 3 થી 5 | ગણિત | 03.11.2018 |
| 01.11.2018 | ગુરુવાર | 6 થી 8 | ગણિત | 03.11.2018 |

બાહ્ય મૂલ્યાંકનકારે 25% વિદ્યાર્થીઓના ફોર્મની ડેટા એન્ટ્રી માટે નીચેના ઓપરેટર્નો સંપર્ક કરવાનો રહેશે,

| ઝોન | વોર્ડ નામ | નામ | સંપર્ક નંબર |
|---|---|---|---|
| ઉત્તર | ઠક્કરબાપાનગર,નરોડા,મુઠિયા,નરોડા,સરસપુર,સરદારનગર, ઈન્ડિયા કોલોની,કુબેરનગર. | ઝીનલબેનચૌહાણ | ૭૬૦૦૫૯૪૭૯૯<br>૯૫૧૨૦૦૯૪૭૭ |
| દક્ષિણ | લાંભા,કાંકરીયા,વટવા,બહેરામપુરા,દાણીલીમડા,હાથીજણ,મણીનગર, નારોલ,ઇસનપુર. | રચનાબેન મહેતા | ૯૪૦૮૮૭૨૪૯૭<br>૯૦૯૯૯૧૦૧૩૯ |
| પૂર્વ | કાલુપુર,અમરાઇવાડી,ઓઢવ,રાજપુર,બાપુનગર,ખોખરા. | શ્રધાબેન રાઠોડ | ૯૭૧૪૭૬૪૦૯૦ |
| પશ્ચિમ | વાસણા,નારણપુરા,એલિસબ્રીજ,સાબરમતી,નવાવાડજ. | લતાબેન યાદવ | ૯૭૧૨૯૬૫૮૦૨ |
| મધ્ય | અસારવા,જમાલપુર,ખાડિયા,શાહપુર,દરીયાપુર, દૂધેશ્વર, ગિરધરનગર. | સોનલબેનસંઘાણી<br>સ્વીટીબેન સોની<br>વિજય રાઠોડ | ૯૩૭૭૯૬૨૬૫૦<br>૯૪૨૮૨૬૭૩૧૯<br>૯૭૧૨૯૬૩૭૦૧ |
| હિન્દી ઉર્દૂ | તમામ હિન્દી ઉર્દૂ મ્યુનિ પ્રાથમિક તથા ઉચ્ચતર પ્રાથમિક શાળાઓ | | |

નોંધ :- ઉપરોક્ત દરેક વિષયની પરીક્ષા લીધા બાદ તે વિષયના ગુણની ડેટા એન્ટ્રી શરૂ થવાની તારીખથી ૩ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.

તા.૨૪-૧૦-૨૦૧૮

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી